# શહેરમાં આજે સાંજથી પ્રચાર-પડઘમ શાંત થશે

## આક્રમક પ્રચાર અભિયાન થકી નગરજનોને રિઝવવાના ત્રણેય પક્ષોના પ્રયાસ : આજે શક્તિ પ્રદર્શનમાં રેલીઓનું આયોજન

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીના પ્રચાર-પડધમ આજે સાંજે પાંચ વાગ્યાથી શમી જશે. ગુરૂવારે મોડી સાંજ સુધી માઈક બાંધેલી રીક્ષાઓ તેમજ પેડલ રીક્ષાઓ સતત ફરતી રહી હતી. જો કે શુક્રવારે બધા જ પક્ષો દ્વારા શક્તિ પ્રદર્શનના ભાગરૂપે રેલીઓનું આયોજન કરવામાં આવ્યુ છે.

ગાંધીનગર મનપાની ત્રીજી સામાન્ય ચૂંટણીમાં ત્રિપાંખીયો જંગ લડાઈ રહ્યો છે. રાજ્યમાં સરકાર પરિવર્તન પછી આ જંગ ખેલાઈ રહ્યો હોવાથી તેનુ રાજકીય મહત્વ પણ વિશેષ છે.

ભાજપે ચૂંટણી જંગ જીતી અને સત્તા જાળવી રાખવા મંત્રીઓ ઉપરાંત ધારાસભ્યો તેમજ રાજ્યભરના સંગઠ્ઠનના મહારથીઓને મેદાનમાં ઉતારી દીધા છે. આમ આદમી પાર્ટીએ પહેલીવાર મનપાના જંગમાં ઝુકાવી આક્રમક પ્રચાર અભિયાન કરી સૌનુ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. તો કોંગ્રેસ પક્ષ પણ ધીમી ગતિએ મક્કમતાથી જંગમાં લડત આપવા માટેનું મન બનાવ્યુ છે.

ગાંધીનગરમાં ત્રિપાંખીયો જંગ હોવાથી છેલ્લા ૧૫ દિવસ દરમ્યાન ખુબજ આક્રમકતા સાથે ત્રણેય પક્ષોએ પ્રચાર કાર્ય કર્યુ છે.

કોંગ્રેસ પક્ષે પણ પ્રચાર અભિયાનમાં ૬૦ થી વધુ ધારાસભ્યોને મેદાનમાં ઉતાર્યા હતા. તો આપ આદમી પાર્ટીની પ્રદેશ ટીમે પણ ગાંધીનગરમાં ધામા નાખ્યા હતા. ગુરૂવારે કોંગ્રેસે આજે સે. ૧૨ ખાતે નાગરિક સંમેલન પણ યોજી અને પ્રચાર અભિયાનને વધુ આક્રમક બનાવ્યુ હતુ.

આજે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પણ ત્રણ સ્થાનો પર સંવાદ અને સભાઓને સંબોધન કરી જંગમાં ઝુકાવ્યુ છે. સી.આર. પાટીલ તેમજ કેન્દ્રીય મંત્રી રૂપાલા પણ આ અભિયાનમાં જોડાયા છે.

ચૂંટણી પ્રચારમાં ડોર ટુ ડોર પ્રચાર અભિયાનમાં ઉમેદવારોના પગના પાણી ઉતરી ગયા છે. બે વખત મુલ્તવી રહેલી આ ચૂંટણીને કારણે ઉમેદવારોને ચૂંટણીમાં થતા ખર્ચમાં પણ વધારો થયો છે.

ચૂંટણી પ્રચાર અભિયાને જે છેલ્લા દિવસમાં વાતાવરણ ગજવ્યુ છે તે બધુ આજ સાંજ પછી શાંત થઈ જશે. આ પછી બુથ મેનેજમેન્ટ પર ઉમેદવારો ધ્યાન કેન્દ્રીત કરશે અને છેલ્લા બે દિવસ દરમ્યાન મતદાનને લઈ રણનીતિ ઘડશે એટલુ જ નહિ છેલ્લીવારની ગૃપ બેઠકોમાં પણ વ્યસ્ત થશે.

ગાંધીનગર શહેરમાં આ વખતે ત્રણેય પક્ષોએ તેમના સંકલ્પ પત્રો જાહેર કર્યા છે તેને લઈ નગરજનોમાં દબાતા સ્વરે ક્યાંક ક્યાંક ચર્ચાઓ થતી જોવા મળી રહી છે. શહેરમાં નવા ઉમેરાયેલા વિસ્તારોમાં પણ પ્રચાર અભિયાને જબરૂ આકર્ષણ ઉભુ કર્યુ છે.

ત્રણેય પક્ષમાં બહારથી આવેલા સમર્થકોને સાંજ પછી ગાંધીનગર છોડવુ પડશે.

## આચારસંહિતાનો અમલ કરાવવામાં તંત્ર પણ થાક્યુ : દિવસ-રાતની બે ટીમો બનાવી

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મનપાના ચૂંટણી જંગમાં આચારસંહિતાના અમલને લઈ તંત્ર પહેલીવાર થાક અનુભવતુ જણાયુ છે. તંત્રને પોસ્ટર, બેનર અને હોર્ડિંગ્સ ઉતારવા માટે પહેલીવાર રાત્રી ટીમ અને દિવસની એમ બે અલગ-અલગ ટીમો બનાવવાની ફરજ પડી છે.

મનપાની ચૂંટણીમાં ૫ હજારથી વધુ બેનર, હોર્ડિંગ્સ અને પોસ્ટર ઉતાર્યા છે. જો કે મનપાના આ જંગમાં આક્રમક પ્રચાર અભિયાનની રણનીતિને લઈ જાણે પક્ષો વચ્ચે સ્પર્ધા વધુ જાગી હોય તેવુ ચિત્ર ઉપસ્યુ છે.

ગાંધીનગર મનપાની સામાન્ય ચૂંટણીમાં આ વેળાએ ત્રિ-પાંખીયો જંગ છે. આચાર-સંહિતાને લઈ તંત્રને ટેલિફોનિક રજુઆતો વધુ મળી કે અહિ ધજાઓ બંધાઈ છે અને પોષ્ટરો લગાવવામાં આવ્યા છે. ક્યાંક ક્યાંક તો લેખિતમાં પણ રજુઆતો કરવામાં આવી હોવાનું પણ જાણવા મળેલ છે.

તંત્રએ હોર્ડિંગ્સ-બેનરો ઉતાર્યા પછી વિડીયોગ્રાફી પણ તે સ્થળની કરી હતી. જો કે આ વખતે વરસાદને લઈ જાહેરસભાઓ ઓછી થઈ. સાંસ્કૃતિક કાર્યક્રમો યોજી અને મતદારો સુધી પહોંચવાના પણ પ્રયાસો થયા અને તેમાં કોરોનાની ગાઈડલાઈન પણ વિસરાઈ જવા પામી હતી.

ગાંધીનગર જિલ્લા કલેક્ટરે સરકારી મિલ્કતો પર પોષ્ટરો નહિ ચોંટાડવા તેમજ પ્રચાર અભિયાનમાં સરકારી મિલ્કતોને બાદ કરવા રાજકીય પક્ષોની બેઠકમાં ખાસ સૂચનાઓ આપ્યા પછી પણ પક્ષો દ્વારા અમલવારીમાં કોઈ સાનુકૂળ પ્રતિસાદ ના મળ્યો તે આ ચૂંટણીમાં સૌથી વધુ નોંધનીય બાબત રહી છે.





**વોર્ડ નં -૧૦ ના ઉમેદવારોને જંગી બહુમતીથી જીતાડવા બાઇક રેલીથી પ્રચાર કરાયો**

ગાંધીનગર મહાનગરપાલિકાની ચુંટણીનો જંગ જામ્યો છે. કોર્પોરેશનની ચુંટણીમાં આ વખતે ત્રિપાંખિયો જંગ હોવાથી રાજકીય ઉત્તેજના પ્રબળ બની છે. મતદાનના આડે હવે ગણતરીના બે દિવસો જ બાકી રહ્યા છે. ત્યારે પ્રચાર ઝુંબેશે પણ અંતિમ તબક્કામાં જોર પકડયુ છે. ભાજપ દ્વારા આજે વોર્ડ નં -૧૦ માં મહાબાઈક રેલી યોજીને પ્રચાર કરવામાં આવ્યો હતો. બાઈક રેલીમાં મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો જોડાયા હતા. ગાંધીનગર કોર્પોરેશનની ચુંટણી આ વખતે વધુ રસપ્રદ બની છે. પ્રચાર ઝુંબેશ પણ હવે તેજ બની છે. વરસાદી વાયરા વચ્ચે ઉમેદવારો માટે પ્રચાર કરવાનુ વધુ મુશ્કેલ બન્યુ છે. ચુંટણી જંગમાં આ વખતે ત્રિપાંખિયો જંગ જામ્યો છે. જેને અનુલક્ષી પરિણામલક્ષી ઉત્તેજના સાથે રાજકીય વિવેચકો પણ વધુ ચિંતન કરી રહ્યા છે.

## મતદાર યાદી અને મતદાર જાગૃતિ અભિયાનને લઈ પંચે તંત્રને ખાસ સૂચના-માર્ગદર્શન આપ્યુ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મહાનગર પાલિકાના આ ત્રીજા જંગમાં મતદાર યાદી વિવાદનો મુદ્દો બને તેવી સંભાવનાઓને ધ્યાને રાખી રાજ્ય ચૂંટણી પંચે મનપાના અધિકારીઓ તેમજ ચૂંટણી અધિકારીઓ સાથે મતદાર યાદીને લઈ બેઠક કરી આ બાબતે જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન આપ્યુ હતુ.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરની હદ વધી છે એટલે મતદારોની સંખ્યા પણ વધી છે પરંતુ જે હદ વધી છે તેમાં ઘણી બધી સોસાયટીઓ અમદાવાદની હદમાં આવેલી છે. ખાસ કરીને વોર્ડ નં. ૧૧માં આ હદના પ્રશ્નોને લઈ મતદારયાદી અંગે વિવાદો થવાની સંભાવનાઓ હોવાનું જાણવા મળેલ છે. ચાંદખેડાની ૧૦ જેટલી સોસાયટીના મતદારોને ક્યાં મતદાન કરવાનું તેને લઈ મુંઝવણ હોવાનું ધ્યાને આવ્યુ છે.

કોટેશ્વરમાં તો ૨૬ જેટલા મતદારોનો ઉમેરો કરવાનો થાય છે અને ૪૩ મતદારોની કમી કરવાની

● અનુસંધાન પાન-૭ પર

## આજથી એક સપ્તાહ વાહકજન્ય રોગચાળા માટે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ યોજાશે

ગાંધીનગર, તા. ૩૦

આગામી ૧લી ઓક્ટો.થી ૮ ઓક્ટો. સુધી વાહકજન્ય રોગચાળાના કેસો જે રીતે સામે આવી રહ્યા છે તેને ધ્યાને રાખી હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ કરવા માટે સરકારે સૂચનાઓ જારી કરી છે.

**શહેરમાં મેલેરિયાના ૧૪૨, ડેન્ગ્યુના ૧૮૯ અને ચિકનગુનિયાના ૩૫ જેટલા કેસ નોંધાયા છે**

રાજ્યમાં વાહકજન્ય રોગચાળાને લઈ બીજીવાર આ ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. ગાંધીનગર શહેરમાં આજ સુધીમાં મેલેરિયાના કેસોની સંખ્યા ૧૪૨, ડેન્ગ્યુના ૧૮૯ અનો ચિકનગુનિયાના ૩૫ જેટલા કેસ નોંધાયા છે. જિલ્લામાં પણ વાહકજન્ય રોગચાળાના કેસોની સંખ્યા વધી છે.

રાજ્યમાં પાછોતરો વરસાદ અને હાલની હવામાનની સ્થિતિ મચ્છરોની ઉત્પત્તિ માટે સાનુકૂળ હોવાથી કેસો વધી રહ્યા છે.

શહેરમાં વાહકજન્ય રોગચાળાના કેસોની સંખ્યા

● અનુસંધાન પાન-૭ પર

## કુડાસણમાં ૧૭ વર્ષીય યુવાનનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરમાં આજે વધુ ૧ કેસ કોરોનાનો નોંધાયો છે. તંત્રએ આજે આ સપ્તાહમાં જ બીજો કેસ મળતાં સઘન સર્વેલન્સ અને સોશ્યલ ડિસ્ટન્સીંગ તેમજ ફરજીયાત માસ્કના અમલ માટે કડક અમલવારીની સૂચનાઓ આપી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો કેસ નોંધાયો નથી. શહેરમાં સમાવિષ્ટ કુડાસણ ગામેથી એક ૧૭ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં આજે નોંધાયેલા આ કેસ સાથે એક્ટીવ દર્દીઓની સંખ્યા ૩ થઈ છે. તંત્ર દ્વારા સઘન સર્વેલન્સ શરૂ કરી દેવામાં આવ્યુ હોવાનું જાણવા મળેલ છે. આજે નોંધાયેલ દર્દીએ પોઝીટીવ દર્દીના સંપર્કમાં આવતાં તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

## આગામી સપ્તાહમાં શહેરના વન આરક્ષિત વિસ્તારમાં વનતંત્ર હવે સફાઈ કરશે

### સેકટરોમાં નમી પડેલી વૃક્ષોની ડાળીઓનુ પણ ટ્રીમીંગ કરાશે

ગાંધીનગર તા ૩૦

શહેરના મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત વિસ્તારમાં વરસાદી દિવસો દરમિયાન બિનજરૂરી ઘાસ અને વનસ્પિત ઉગી નિકળતા મચ્છર અને જીવાતનો ઉપદ્રવ વધ્યો છે. સેકટરોના રહેણાંક વિસ્તાર આસપાસ પણ આ સ્થિતિ છે. જેના લીધે સ્થાનિક રહીશો પણ પરેશાન છે. સેકટરોના આંતરિક વિસ્તારમાં નમી પડેલી વૃક્ષોની તોતિંગ ડાળીઓ પણ સ્ટ્રીટ લાઈટના થાંભલા માટે અવરોધરૂપ બની છે. જેને અનુલક્ષીને વનતંત્ર દ્વારા આગામી દિવસોમાં સફાઈ અને ટ્રીમીંગની કામગીરી હાથ ધરવામાં આવશે.

ગાંધીનગરમાં વરસાદી દિવસો દરમિયાન સેકટરોમાં અનેક દુવિધાઓ મંડરાઈ છે. સેકટરોમાં વરસાદી પાણીના ભરાવા વચ્ચે કાદવ કિચ્ચડ અને ગંદકીના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. જેના લીધે સ્થાનિકોમાં રોગચાળાનો ખતરો મંડરાયો છે. વરસાદી દિવસો દરમિયાન અનેક ઠેકાણે બિનજરૂરી ઘાસ અને વનસ્પિત ઉગી નિકળ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## સેક્ટર-૩ના પ્રશ્નો અને પ્રવૃત્તિઓમાં સદાય અગ્રેસર મહિપતદાન ગઢવી

**કોરોનાના કપરા કાળમાં સેક્ટર-૩, સેક્ટર-૨ અને કુડાસણ વિસ્તારમાં પીડિતોના પરિવારોને બે ટંક ભોજન અને રાશન પહોંચાડ્યા**

**સેક્ટર-૩ના રોડ રીપેરીંગનું કામ હોય કે પાણી ભરાવવાની સમસ્યા હોય મહિપતદાન ગઢવી સદાય વસાહતીઓની પડખે રહ્યા છે.**

**ગણેશોત્સવ અને હોળી ઉત્સવની ઉજવણીને વ્યાપક બનાવી વસાહતીઓને આ ઉત્સવમાં જોડ્યા છે**

સેક્ટર-૨, સેક્ટર-૩ અને કુડાસણ વિસ્તારમાં અનેક સેવાકીય કાર્યોમાં અગ્રેસર મહિપતદાન ગઢવી આમ આદમી પાર્ટીના એક તરવરીયા યુવાન છે. કોરોના કાળમાં ગરીબ પરિવારોને બે ટંક ભોજન પુરું પાડવાની પ્રવૃત્તિ હોય કે કરિયાણાની કીટ પહોંચાડવાની હોય. આવી અનેક પ્રવૃત્તિઓમાં મહિપતદાન ગઢવી અગ્રેસર રહ્યા છે. સેક્ટર-૩ના પ્રશ્નો બાબતે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવાની હોય કે રોડ-રસ્તાનું લેવલીંગ કરાવવાનું હોય તેઓ હંમેશા દોડતા રહ્યા છે.



મૂળ મહેસાણાના દેવરાસણ ગામના વતની અને હાલ સેક્ટર-૩/ડી ખાતે રહેતા મહિપતદાન ગઢવી છેલ્લા ઘણા સમયથી સામાજીક પ્રવૃત્તિઓમાં અગ્રેસર છે. કોરોનાના કપરા કાળમાં તેમની પ્રવૃત્તિઓ વધુ સક્રિય બની હતી. કોરાનાના સમયમાં જ્યારે ઘરની બહાર નીકળતા પણ લોકો ડરતા હતા ત્યારે મહિપતદાને તેમના મિત્રોની મદદથી જરૂરિયાતમંદો સુધી પહોંચી સેવાની જ્યોતને જલતી રાખી હતી. લોકડાઉનના સમયમાં વેપાર-ધંધા બિલકુલ બંધ હતા અને ગરીબો, શ્રમિકોને બે ટંક ખાવાના પણ સાંસા પડી રહ્યા હતા ત્યારે મહિપતદાન અને તેમના યુવા મિત્રોએ દરરોજ ૩૦૦ થી ૫૦૦ વ્યક્તિઓને ભોજન પુરું પાડ્યા. એવા ઘણા પરિવારો હતા જે કોરોનાના કપરા કાળમાં આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા હતા. વડીલો અને બાળકો ઘરમાં ભૂખ્યા હોય પરંતુ તેમને ભરપેટ ભોજન પુરું પાડી શકાય તેટલું કરિયાણું ન હોય તેવા પરિવારોની વ્હારે મહિપતદાન ગઢવી અને તેમનું મિત્રમંડળ આવ્યું હતું. આવા ૧૩૦૦ જેટલા ગરીબ અને નિમ્ન મધ્યમવર્ગીય પરિવારોને તેમના ઘરે જઈ કરિયાણાની કીટનું વિતરણ કર્યુ હતું. આ કરિયાણાની કીટમાં એક મહિનો ચાલે તેટલી તમામ જરૂરિયાતની ચીજ-વસ્તુઓનું વિતરણ કરાયું. બે-બે કિલો ઘઉં - ચોખા, તુવેરદાળ,



● અનુસંધાન પાન-૭ પર










Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com